Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-3, December-2019
Impact Factor:4.081
www.researchguru.net

# બનાસકાંઠા જીલ્લાના સરહદી વિસ્તારમાં ૧૯૭૧ના શરણાર્થીઓની જીવાદોરી: નર્મદા કેનાલ

માનસિંગ આર. સોઢા,
પીએચડી રિસર્ચ સ્કોલર,

ડૉ લોકેશ જૈન,
પ્રાધ્યાપક અને માર્ગદર્શક,

ગ્રામ્ય વ્યવસ્થાપન અધ્યન કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ રાંધેજા, ગાંધીનગર.
email: mrsodha@yahoo.com મો. 99 78 40 77 40

**પ્રસ્તાવનાઃ-**

૧૯૭૧ના યુધ્ધમાં ભારતે પશ્ચિમ પાકિસ્તાનમાં ૫,૭૯૫ સ્કેવર માઇલસ (૧૫,૦૧૦ કી.મી) સ્કેવર કિ.મી ભારતીય લશ્કર ધ્વારા કબજો કરેલ અને જે સિમલા કરાર કરી પરત કર્યો જયારે પશ્ચિમ પાકિસ્તાન પર કબજો થયેલ ત્યારે ત્યાંના ઘણા હિન્દુ-મુસ્લીમ કુંટુંબો ભારતને પોતાની માતા ગણતા તે પરત ફરવા માટેનો યોગ્ય સમય આજ છે તેમ માની ચોરી છુપીથી કે કોઇ પણ રીતે ભારતમાં શરણ લેવા માંગતા હતા તેઓએ પશ્ચિમ પાકિસ્તાન બોર્ડરને ક્રોસ કરી ભારતમાં ગુજરાત, રાજસ્થાન વગેરે રાજયોમાં આવ્યા જેમના માટે શરણાર્થી કેમ્પ ખોલવામાં આવ્યા તથા આવા પરિવારો માટે કેટલાક અંશે સહાનુભુતી પણ રાખવામાં આવી તો કયાંક ગુપ્તચર એજન્સીઓએ પોતાની મનમાની ચલાવી પોતાની ફરજો અદા કરી. ૧૯૭૧ના યુદ્ધને એક અમુલ્ય તક માની ભારતમાં આવેલ શરણાર્થીઓને પોતાની માલિકીની જમીન-પશુઓ તથા સ્થાવર જંગમ મિલકતો ત્યાંજ રહી અને ભારત આવેલ તેઓએ સાથે લાવેલ તો માત્ર થોડા ઘણા કપડાઓ મિલકતો સોનુ, ચાંદી, નાણુ અને પશુઓમાં ઊંટ, ઘોડા, બળદગાડા જેવા ઉપયોગી અને જીવન નીર્વાહન થાય તેવા સાધનો.

જીવન નિર્વાહની શરૂઆત કઇ રીતે કરવી તેની શરૂઆત કયાંથી કરવી ? કારણ કે કેમ્પ ભારત સરકાર દવારા શરૂ કરવામાં આવેલ તે પૈકી થરાદ અને સુઈગામ ખાતે પણ કેમ્પ થયેલ આવી સગવડો વધુ સમય નહિ ચાલે તે બાબત બધાજ શરણાર્થીઓ જાણતા હતા અને વળી કેટલાક કુટુંબોતો કેમ્પ બહાર અન્ય જગ્યાઓએ વસવાટ કર્યો, તો કેટલાક કુટુંબોએ પોતાના સગા વહાલાને ત્યાં શરણાગત લીધો. ધીરે ધીરે સમય પસાર થઇ રહ્યો હતો. શરણાર્થીઓ ખુમારીથી મઢેલા નાગરિકોએ પોતાની આજીવિકાના વિચારો પ્રથમ સમુહમાં વડીલોની હાજરીમાં ચર્ચાઓ શરૂ કરી પોતાના પરિવારનું જીવન ગુજરાન ચલાવવું તે એક મોટો પ્રશ્ન હતો આ સમય એ હતો કે જયારે ભારત ગામડાની ધબકતું હતું તથા ખેતીએ આજીવિકાનું એક સૌથી વધુ સરળ સાધન જોવા મળતુ હતું વળી આર્થિક અને સામાજિક રીતે પરિવાર ચલાવવા માટેનું ઉતમ હતું તેથી ખેતી કરવી સાથે સાથે પશુપાલન એટલેકે પશુઓ રાખવા તથા તેમાં વધારો થાય તેનું વેચાણ કરી ગુજરાન ચલાવ્યું આ સમયે ડેરી ઉદ્યોગ, ઉન ઉદ્યોગ, ઘેટાં બકરા વગેરેનો વિકાસ પુરતો થયેલ ના હતો.

આવા વિચારોમાં સૌથી મોટો પ્રશ્નએ આવેલ કે અહીંયા પોતાની માલિકીની તો કોઇ જમીન નથી તેમજ માલિકીની પડતર કે ગૌચર જમીનોનો ઉપયોગ કરવો તે માટે સ્થાનિક ઘણા પ્રશ્નો ઉદ્‌ભવે જેથી સરકાર પાસે જમીનોની માગણી કરવી સરકાર જમીન આપે તો કેટલી અને કેટલા કુંટુબોને ભારત સરકારે કેમ્પના શરણાર્થીઓને દશ એકર જમીન આપી પરંતુ કેમ્પ બહારના શરણાર્થીઓનું શું ? એ બાબતે કોઈ કઈ ખાસ આયોજન ના હતું અને જેની સીધી અસરો આવેલ શરણાર્થીઓ પર પડી.

૧૯૭૧ના શરણાર્થી તરીકે ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં આવેલ શરણાર્થીઓ માટે સુઈગામ અને થરાદ ખાતે સરકારી કેમ્પ લગાવવામાં આવેલ જેમાં જમવાની અને જરૂરી પ્રાથમિક સગવડો આપવામાં આવી હતી. આવેલ શરણાર્થીઓની પ્રાથમિક જરીરિયાત ખોરાક, પાણી, દવાઓ અને રહેઠાણ હતુ ત્યારબાદ મોટો પ્રશ્ન રોજગારી અને આવકના સ્રોત ઉભા કરવાનો હતો. જે વિસ્તારમાં કેમ્પો હતા તે વિસ્તારથી નજદિક આમ રોજગારી માટેના સાધનો કે અન્ય વ્યવસ્થાઓ ન હતી તો નાની ખેતી અને તે પણ આધુનિક નહિ અને અન્ય પ્રાણી ઉછેર ગણી શકાય તેથી આવેલ શરણાર્થીઓ ખેતી અને ખેત મજુરી તરફ વળ્યા તથા તેમાંથી બહુજ ઓછા નાના મોટા ધંધાઓ, કડીયા કામ, કુંભાર માટી કામ, સુથારી કામ, મોચી કામ, વાળંદ કામ જેવા પરંપરાગત વ્યવસાયમાં જોડાયા અને જીવન જીવવાની એક નવી શરૂઆત કરી

**સમસ્યા કથનઃ-**

બનાસકાંઠા જિલ્લો પાકિસ્તાન સરહદ પર આવેલ છે આ જિલ્લાના સબંધો વર્ષોથી હાલના પાકિસ્તાનના નગરપારકર, થર વિગેરે સાથે સામાજિક અને આર્થિક રીતે જોડાયેલા હતા. ૧૯૪૭ના માં ભારતના ભાગલા વખતે પાકિસ્તાનમાં રહી ગયેલ હિન્દુ કે ભારતથી સ્થળાંતર કરીને ગયેલ મુસ્લિમો જાણતા ન હતા કે આપણે કેવી કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે પરંતુ જેનો ખ્યાલ આવતા ૧૯૭૧માં એક મુશ્કેલી દુર કરવાનો શ્રેષ્ટ સમય માની ભારતમાં હિજરત કરી શરણાર્થીઓ તરીકે આવ્યા. જે પૈકી બનાસકાંઠાના સરહદી વિસ્તાર ખાતેના કેમ્પ અને કેમ્પ બહારના શરણાર્થીઓ કઈ રીતે પોતાની અને

પરિવારનું જીવન ધોરણ ગુજારે છે જ્યાં પશ્ચિમ ભાગના થરાદ અને વાવ તાલુકામાં અવારનવાર દુષ્કાળો આવતા હોય છે, ત્યાં ખેતી વરસાદ આધારિત હતી એટલે ગામમાં આજીવિકાના બીજા સાધનો પણ ન હતા જે એક બીજાની જરૂરિયાતના પૂરક તરીકે હતા. આ વિસ્તારમાં એક દાયકાથી અમુક ખેડુતો બિન સત્તાવાર રીતે નર્મદા નીરનો ઉપયોગ કરી રહ્યા હતા પણ ઔપચારિક રીતે છેલ્લા પાંચ વર્ષથી આ જિલ્લાના તાલુકાના ગામોને નર્મદા કેનાલનો પાણી મળી રહ્યો છે. નર્મદાના નીર મળ્યા પછી ખેડુતો/સ્થાનિકોની સામાજિક-આર્થિક સ્થિતિમાં ફેરફાર થયો છે તેજ રીતે ૧૯૭૧ના આવેલ શરણાર્થીઓ પર કેવી અસરો પડી છે આજીવિકાના સાધનો અને અન્ય સામાજિક આર્થિક ફેરફારો કેવા થઇ રહેલ છે જે જાણવું જરૂરી છે.

**સંશોધન અભ્યાસના હેતુઓ:-**

નર્મદા કેનાલ આવ્યા પછી બનાસકાંઠા જિલ્લાના સરહદી❖ વિસ્તારમાં ૧૯૭૧ના આવેલ શરણાર્થીઓમાં શું પરિવર્તન આવ્યું છે તે જાણવું. સામાજીક-સાંસ્કૃતિક પરિબળોની દ્રષ્ટીએ તેઓના જનજીવન પર શું અસરો થઇ છે તે જાણવી. નર્મદા કેનાલની અસરના ભાગરૂપે સ્થાનિક સ્તરે સ્થળાંતર દરમાં ઘટાડો થયો છે કે નહિં તે જાણવું. સંપોષિત વિકાસની દૃષ્ટિએ સામજિક-આર્થિક વિકાસ માટેના સૂચનો કરવા.

**ઉત્કલ્પનાઓ:-**

નર્મદા કેનાલ આવ્યા પછી બનાસકાંઠામાં જિલ્લાના સરહદી વિસ્તારમાં ૧૯૭૧ના આવેલ શરણાર્થીઓમાં આર્થિક રીતે સમૃદ્ધ થયા છે. અને શરણાર્થીઓની આજીવિકા વ્યવસ્થાઓમાં પરિવર્તનોના લીધે સ્થાનિક સામાજિક-સાંસ્કૃતિક પરિબળોમાં ફેરફારો થયા છે તથા સ્થળાંતર માં ઘટાડો થયો છે.

**સંશોધનનું ક્ષેત્ર:-**

સંશોધનનું ક્ષેત્ર બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તારમાં ૧૯૭૧ના આવેલ શરણાર્થીઓમાં વસ્યા છે તે પુરતુ મર્યાદિત રહેશે. તેમજ આ વિસ્તારમાં મોટા ભાગે નર્મદા કેનાલનો લાભ મળે છે.

**નમૂના પસંદગી:-**

નર્મદા કેનાલ આવ્યા પછી બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તારમાં ૧૯૭૧ના આવેલ શરણાર્થીઓની રૂબરૂ મુકાલાતો, ગ્રુપ ચર્ચાઓ, જાત નિરીક્ષણ, ટેલીફોનીક અને ઈમેલ દવારા માહિતી મેળવેલ તેમજ સ્થાનિકે ૫૦ ઉત્તરદાતાઓ પાસેથી અનુસૂચી દ્વારા માહિતી એકઠી કરવામાં આવેલ છે.

**માહિતીનું વિશ્લેષણ:-**

એકત્ર કરેલ માહિતીનું વિશ્લેષણ કરવા માટે આંકડાશાસ્ત્રીય પધ્ધતિઓનું ઉપયોગ કરી અને તેના માટે ઉપલબ્ધ MS Excel & SPSS સોફ્ટવેરનો ઉપયોગ કરેલ.

**અર્થઘટન અને તારણો:-**

વિશ્લેષિત માહિતીનું યોગ્ય અર્થઘટન કરી સંશોધનના તારણો કાઢવામાં આવેલ.

**સંશોધન સમસ્યાઓ અને મર્યાદાઓ:-**

નર્મદા કેનાલ આવ્યા પછી બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તારમાં ૧૯૭૧ના આવેલ શરણાર્થીઓમાં શું પરિવર્તન આવ્યું છે તે આ વિસ્તાર પુરતું માર્યાદિત છે. અભ્યાસ મૂળભૂત રીતે પ્રાથમિક માહિતી ઉપર આધારિત છે. અભ્યાસના ઉત્તરદાતાઓ શરણાર્થીઓ છે જેનો અક્ષરજ્ઞાન મર્યાદિત હોય છે તેથી મળેલ માહિતીની પૂર્ણતા અને શુદ્ધતા તેમના જ્ઞાન સુધી અને તેની માહિતી આપવાની તૈયારી સુધી મર્યાદિત રહશે. સંશોધક અભ્યાસના હેતુઓ મુજબ માહિતી લેવાનો પ્રયાસ કરશે છતાયં જો ઇરાદાપૂર્વક ઉત્તરદાતા યોગ્ય અને સત્ય હકકીતને છુપાવે મળતા અન્ય લાભો છીનવાય નહી તે ભયથી માહિતી છુપાવે તે અંશે મર્યાદા રહેવાની છે. છતાયં એની ખરાઈ સંશોધક દ્વારા જુથ ચર્ચા અને નિરીક્ષણ દ્વારા કરી લેવામાં આવી છે.

**<u>૧૯૭૧થી નર્મદા કેનાલન આવી ત્યાર સુધીની શરણાર્થીઓની સ્થિતિ</u> :-**

શરણાર્થીઓમાં ખુમારી અને ખાનદાની તથા કસાયેલ શરીર તો હતા તેથી આ વિસ્તારમાં પિયત વાળી જમીનો પર પાક ઉગાવવાનું અને ખેતી કરવાનું ચાલું કરેલ ત્યારે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો તથા બહારની આવેલ પર કેટલો વિશ્વાસ મુકવો અને પાકિસ્તાની તરીકેની સ્થાનિકોમાં માનસ છાપની માનસિકતા વગેરે કારણો મુશ્કેલીઓ ઉભી થતી હતી તેમ છતા મન મક્મ કરી પોતાના પરીવાર માટે સખત કાળી મજુરી કરવા છતા પણ પેટનો ખોડો માંડ ભરાતો તથા જરૂરીયાતને સમયે દવા દારૂના પૈસા શાહુકાર પાસેથી વ્યાજે લેવાના સમય પણ આવતો તેમજ આ પૈસા આપવા જે સમય વધુ જ મુશ્કેલ હતો. કારણકે આવકના કોઈ મોટા સાધનો ન હતા.

**૧૯૭૧ થી૧૯૯૦ સુધીનો સંઘર્ષમય સમય:-**

શરણાર્થીઓ ૧૯૭૧/૭૨ માં આવેલા છે આ શરૂઆતનો બે દાયકા એટલે કે ૨૦ વર્ષનો સમય ખોરાક, પાણી, રહેઠાણ માટે ખુબજ સંઘર્ષ અને મહેનત કરેલ ત્યારે થોડા પ્રમાણમાં સફળતાઓ મળેલ છે. આવી મહેનત એક દસકા સુધી કરી અને સતત સંઘર્ષમાં પોતાનું જીવન વ્યતીત કરેલ. સ્થાનિકે વશેલા શરણાર્થીઓમાં અને પોતાની જાતને લોકલ ગ્રામ્ય વ્યવસ્થામાં ખપાયી નાખી અને મોટા ભાગના શરણાર્થીઓ ધીરે ધીરે સેટલમેટ થઇ રહ્યા હતા. આ સમયે ખેતી, પશુપાલન અને પરંપરાગત વ્યવસાયો તરફ શરણાર્થીઓ જઈ રહ્યા હતા.

**ખેતી:-**

બનાસકાંઠાની સરહદી વિસ્તારની જમીન મોટે ભાગે વરસાદ પર આધારીત હોવાથી ત્યાંના વિસ્તારમાં બાજરો ચોમાસુમાં મુખ્ય પાક હતો તેની સાથે સાથે કઠોળ ચોમાસાના મગ, મઠ, વગેરેનું વાવેતર કરવામાં આવતું ત્યાર બાદ વરસાદની રાહ જોવાની સમયસર વરસાદ થાય તો ફસલ સારી થાય નહી તો પાક નિષ્ફળ જાય પરંતુ આ સમયે ખેતી વધુ ખર્ચાળ ન હતી ખેતી બળદથી કરવામાં આવતી તથા બિયારણ છેલ્લે થયેલ પાકનું જ ઉપયોગમાં લેવામાં આવતુ હતું તેથી અન્ય કોઈ ખર્ચા થતા નહી માત્ર પાક રક્ષણ માટે પાક ઉગાડેલ તે જગ્યાએ ખેતરોમાં રોકાવુ પડતુ અથવા ઝાડ ઝાખરાની વાડ બનાવવામાં આવતી જેની પ્રાણીઓ પાકને નુકશાન ન કરે આ સમયે પાકને અન્ય નુકશાનમાં પક્ષીઓ ધ્વારા થતુ નુકશાન અટકાવવા માટે અવાજો તથા પથ્થરનો ઘા ધ્વારા રક્ષણ થતુ અને તે માત્ર દિવસેજ થતુ

હોવાથી તે અટકાવવુ વધુ સરળ હતુ. સ્ત્રીઓ પણ ખેત મજુરીમાં જોડતી અને પુરુષાર્થ કરતી હતી.

**પશુ પાલનઃ-**

૧૯૭૧-૭૨ની સાલમાં પશુપાલન માટે ગાય, ભેંસ, ઘેટા, બકરા, ઊંટ, ઘોડા, ગધેડા જેવા પ્રાણી હતા. ગાય એ હિન્દુ ધર્મ મુજબ પવિત્ર ગણવામાં આવી છે વળી તેના દુધ જમવા માટે વધુ ઉપયોગ કરવામાં આવતો ભેસોનો ઉપયોગ પણ દુધ માટે કરાતો ઘેટા બકરાનો ઉપયોગ દુધની સાથે સાથે માસાહાર તરીકે પણ થતો હતો જયારે ઊંટ, ઘોડાનો ઉપયોગ વહન માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે થતો તેમજ ઊંટ ગાડી, બળદ ગાડી, ઘોડા ગાડી, લગતી વગેરે માટે થતો તેમજ તેમાં વધારો કરી તેનું વેચાણ પણ કરવામાં આવતુ અને પાકિસ્તાનથી લાવેલ પાકીસ્તાની ઘોડા તેમજ ઊંટના સારા એવા દામ મળતા હતા તેથી તેનો ઉછેર પણ કરવામાં આવતો હતો આમ એકંદરે ગ્રામ્ય સંસ્કૃતિ સાથે શરણાર્થી રહેલ તેથી ઉકત વ્યવસાયો સ્વભાવીક હતા જેની સાથે સ્ત્રીઓ પણ આગળ આવવા લાગી તે પશુપાલનમાં પણ મદદ કરતી.

**પરંપરાગત કામોઃ-**

આવેલ શરણાર્થીઓએ કેટલાક વંશ પરંપરાગતના કામો પોતાને આવડતા તે પણ શરૂ કર્યા જેમાં વાળંદ, મોચી, ઘાંચી, કુંભાર, સુથાર, સોનાર, દરજી, કડીયાકામ, બળદગાડીઉ, ઊંટગાડી તેમજ વિવિધ પ્રકારની મજુરીથી પોતાનું જીવન નિર્વાહ શરુ કરેલ. સ્ત્રીઓ પણ પોતાની એક આગવી કલા ધરાવતી હતી ઘર ઝુંપડાની બનાવેલ પરંતુ તેને માટી છાણથી મીક્ષ કરેલ ઘર આંગણ બનાવતી ઘર પર 'ગાર' કરવામાં આવતી તથા તેમા પણ ભાતીગળ મોર વૃક્ષો વગેરેની ડિઝાઈન આપવામાં આવતી ઘરની અંદર 'કોઠા' માટીના બનાવવામાં આવતા તથા તેમાં સુંદરતા માટે કાચનો ઉપયોગ કરવામાં આવતો તો પણ તેની સાથે સાથે અનાજ ભરવાની મોટી મોટી કોઠીઓ પણ માટી માંથી જ બનાવવામાં આવતી માટીના ચુલા અને આ દરેકમાં શુશોભિત કરીને તેને શણગારવું તે બહુજ સુંદર લાગતા આ કળા આજે નાશ પામવાની તૈયારીમાં છે જેને આવનારી પેઢી કદાચ નિહાળી પણ નઈ શકે. તેમજ ભરત ગુથણમાં માહિર આ સ્ત્રીઓ હતી કે જે સમયે ભરત ગુંથણ ઉદ્યોગ વિકસ્યો ન હતો પરંતુ લગ્ન સમયે જરૂરી કેટલાક ઓશીકા, ચાદરો, તોરણો, રૂમાલો, પોતાની જાતે સફેદ વસ્ત્ર પર ભરત કામ કરેલી થેલીઓ તેમજ દિવાલ પર ટાંકવા ગાલિચા 'ભલે પધાર્યા' 'શુભ લાભ' વગેરેના ભરત ગુંથણ ઉન અને રેશમી દોરા માંથી ખુબજ ચીવટ થી થતી તથા નાયલોનના તારની મદદથી ખાલી બોટલો નાની નાની શીશીઓ, ઉડી ગયેલ વિજળીના બલ્બ વગેરે પર તાર ગુંથણ કરતી તથા રસોઈની બાબતમાં પણ ખુબજ જાણકાર કઇ ઋતુમાં કઇ રીતે કઇ રસોઇ બનાવવી અને તેને અનુકુળ પ્રાથમિક ઘર ઘથ્થુ ઈલાજની ખુબજ જાણકાર ઘા ભરવા માટે કે લોહી નીકળતું બંધ કરવા માટે ચા દાણાનો ઉપયોગ તથા ખાંસી શરદી માટે હળદર વાળુ દુધ તથા રાત્રે સુતી વખતે બાજરીનો લોટ શેકી ખવરાવવો તેના પર પાણી નહી પીવું મધમાખીના ડંખ પર ગોળ કે માટી ગરબ કરી તેનો લેપ કરી પાટો બાંધવો આંખ દુખવામાં રૂનો ગોળ દડો બનાવી બકરીના દુધ સાથે આંખ પર વારંવાર મુકવા જેનો 'પોલ' કહે છે આંખને આંજવા માટે સોયરો જાતે તૈયાર કરવો સોયરો તૈયાર કરવા માટે ૩ થી ૪ મહિનાનો સમય પણ લાગે તેની જાણકાર મહિલાઓ બાળકને ખોરાક પુરતો આપવો તેમાં દુધ, દહી અને માખણ તેમજ શિયાળની ઋતુમાં ગુંદરના લાડું માખણીયો ભાઠો અડદનો ઉપયોગ તથા તે સમયે ઉપયોગમાં આવતા માટીના 'કથરોટ' લોટ બાંધવા માટેનું વાસણો માટેની તવડી તથા લાકડાથી માટીના ચુલા પર થતા બાજરીના રોટલાના સ્વાદ આજે પણ અદભુત લાગે છે. આવેલ શરણાર્થીઓ પૈકી જેમની પાસે પૈસા હતા તેઓએ પોતાના નાના મોટા ધંધાઓ રોજગાર માટે ચાલુ કર્યા.

**૧૯૯૧ થી ૨૦૧૦નો સ્થાયી થયાનો અહેસાસ**

આવેલ શરણાર્થીઓ ધીરે ધીરે પોતાના પરીવાર સાથે એક જગ્યાએ નાના મોટા પોતાના કાચા મકાનો ઝુંપડામાં સેટ થવા લાગ્યા હતા પરંતુ તેમાં કોઇ ખાસ વિશેષ સુવિધાઓ જોવા મળતી ન હતી પરંતુ એકવાત સ્પષ્ટ થતી હતી કે બે દાયકામાં સંઘર્ષ અને રહેણીકરણીની રીત થાકી સ્થાનિક હિન્દુસ્તાની ભાઇઓ સાથે હળી મળી ગયા હતા તથા અરસપરસની સંસ્કૃતી એક બીજાને વધુ નજીક લાવી હતી અને અરસપરસ અપનાવી પણ હતી. સ્થાનિક ભારતીઓની સાથે તેમના બેટી-રોટીના વ્યવહારો પણ ધીરે ધીરે થવા લાગ્યા અને બંને સંસ્કૃતિઓ કે જે ૧૯૪૭ પહેલા જે માહોલ હતો તે ધીરે ધીરે બનવા લાગ્યો હતો ખરે ખર આવેલ શરણાર્થીઓ પારસીઓની જેમ, દુધમાં સાકર ભળે તેમ ભળી ગયા હતા માત્ર યુધ્ધ સમયની કંઇક યાદો ધબકતી હતી તે જન્મ સ્થળની અને પોતાના આત્મીયજનો કે જે હજુ પણ સરહદની પેલે પાર હતા તેના માટે કયારેક વિઝા પાસપોર્ટથી અરસપરસ સરહદ પાર પર જતા આવતા ત્યારે બંને ઉમગથી સ્વાગત થતુ તથા ભેટ સોગાદો પણ આપવામાં આવતી હતી.

ભારત દેશ બદલાઇ રહ્યો હતો તેની સાથે સાથે ભારતીય ગામડુ બદલાઇ રહ્યુ હતુ. આધુનિક ખેતી માટેના ટ્રેક્ટર, થ્રેસર, જેસીબી જેવા સાધનો વૈજ્ઞાનિક સંશોધનો થકી સારા બિયારણો, ખાતરો, દવાઓ થકી ખેતીમાં પરિવર્તન આવી રહ્યું હતું. નાના અને લઘુ ઉદ્યોગ થકી શહેરો તરફ સ્થળાંતર વધી રહ્યું હતું. કાચા મકાનોની જગ્યાએ શરણાર્થીઓ પાકા મકાનોમાં આવી રહ્યા હતા. ટ્રાન્સપોર્ટ રોડ રસ્તાઓ સુધાર શહેરી કરણ તરફથી દોડ થઇ રહી હતી. સંદેશા વ્યવહાર, શિક્ષણ, ડેરી ઉદ્યોગ, બેંકીંગ થકી ગામડુ બેઠુ થઇ રહ્યુ હતુ પણ બેઠા બાદની દોડ શહેરી કરણ તરફ હતી ૨૦૦૫ પછીની આધુનિકતાનો દાયકો મોબાઇલ અને કોમ્પ્યુટર પ્રગતી ક્રાંતી સમાન હતો. આમ, આ સમયે પોતાના રહેવના ઘર, ખોરાક થકી શરણાર્થી પોતે સ્થાયી થઇ રહ્યા છે તેનો અહેસાસ કરી રહ્યા હતા.

**૨૦૦૧૦ અને પછીની આધુનિકતાનો ઝડપી દાયકો**

૨૦૧૦થી આધુનિકતાનો ભરડો તીવ્ર ગતિએ વધી રહ્યો હતો. આ સમયે ૪૦ વર્ષ પહેલાની શરણાર્થીની યાદો ભૂલાઈ રહી હતી જડપી સમય જડપી જીવનમાં માનવી એટલો વ્યસ્ત થવા લાગ્યો કે પૃથ્વી પરના એક દેશનો માનવી બીજા દેશના માનવીની નજીક આવતો ગયો પરંતુ સ્થાનિકે માનવ-માનવ વચ્ચેનું અંતર વધતું ગયું છે. માનવીમાં ઈર્ષાઓ વધી રહી છે સંસ્કૃતિ અને નૈતિક મુલ્યો ઘટી રહ્યા છે માત્ર આધુનિકતા તરફની દોડ માનવીને માનવી રહેવા નહિ દે તે કડવું સત્ય છે. વૈજ્ઞાનિક શોધો થકી સુવિધાઓમાં વધારો થયો છે. નવા નવા

સંશોધનો માનવ ઉપયોગી છે પરંતુ આવા સંશોધનો માનવને સુખી રાખવામાં સક્ષમ સાબિત થયા નથી. વળી આવા સંશોધનો થકી કુદરતી સંપતિનો દુર્વ્યય થઇ રહ્યો છે માનવજાત ખતરા તરફ આગળ વધી રહી છે તેમાં માનવ જ જવાબદાર છે પૃથ્વી પરના અન્ય જીવોને માનવ હંમેશાથી અન્યાય કરતો આવ્યો છે તે અન્યાય અત્યારે ચરમસીમાએ છે. પૃથ્વી પરનો દરેક જીવ અસ્તિત્વની લડાઈ લડતો નજરે પડે છે. ગલોબલ વોર્મિંગ ગમે ત્યારે વરસાદ, વાવાજોડું, વાયુ અને પાણી પ્રદુષણ, પર્યાવરણને મોટા પાયે નુકશાન, નદીઓ સુકાઈ રહી છે તો ગ્લેસિયર ઓગળી રહ્યો છે પ્લાસ્ટિક, રેડીયેશન અને ઝેરી દવાઓ માનવજાતને પાંગળી બનાવી રહી છે. આમ, એકંદરે આ ભયાનક સમય છે સાથે સાથે ક્રાંતિકારી પગલા ભરવાનો પણ સમય છે. આવા સમયમાં આવેલા શરણાર્થીઓ જેવું કઈ રહ્યું નથી રહ્યું છે તો માત્ર પુર્ખોની બોલી એટલેકે સિંધી અને ઢાટકી જે ખુબજ પ્યારી છે. આ સમયે આવેલ તમામ શરણાર્થીઓ પોતાના ઘરમાં રહે છે રોજી રોટી મેળવી લે છે માત્ર પ્રશ્ન એકજ છે તેમની જોડે ખેતીની જમીનો નથી અથવા સરકારે ઓછી આપીને ક્યાંક અન્યાય કર્યો છે. પોતાના ધર્મ અને સંસ્કૃતિના રક્ષણ માટે સદીઓથી ભારતમાં આવતા તમામ જાતિઓને કોઈ પણ ધર્મના શરણાર્થીઓને રક્ષણ મળ્યું છે જમીનો મળી છે અને પોતાનું જીવન સુખી રીતે જીવી રહ્યા છે માત્ર ૧૯૭૧ના યુદ્ધ પછી બનાસકાંઠા માં આવી ને શરણાર્થીના કેમ્પસમાં નહિ રહી સરકારનો બોજ નથી બન્યા તેમને જ ખેતીની જમીન બાબતે અન્યાય થયો છે જયારે પડોસી જીલ્લા કચ્છના શરણાર્થીઓને ખેતીની જમીન આપવામાં આવેલ તેવા લાભો અહી બનાસકાંઠામાં ભૂલી ગયા કે કાયદાની આંટી ઘુટી થઇ તેનો વસવસો આજે પણ આવા શરણાર્થીઓમાં જોવા મળે છે કારણ કે ભારત દેશના ભાગલા પડ્યા તેમાં તેઓ જવાબદાર ન હતા પરતું પોતાને પોતાની ખેતીની જમીનો ગુમાવી જે આજે પાકિસ્તાનની જમીન ગણાય છે. આવી જમીનો માટે બંને દેશ ક્યારે શું વિચારે દેશ સામે બીજા ઘણા મોટા પડકારો છે.

**<u>પ્રાથમિક માહિતીનું વિશ્લેષણ</u>**


અનુસૂચી દ્વારા પ્રાથમિક માહિતી એકઠી કરવામાં આવેલ છે આ માહિતીનું વિશ્લેષણ ચાર્ટ, કોષ્ટક અને ગ્રાફ દ્વારા કરવામાં આવેલ છે. જેના આવેલ પરિણામો, આકડાઓ અને તથ્યો નીચે પ્રમાણે છે.

1. શરણાર્થીઓની જાતિ અને જ્ઞાતિ વાર વિગત દર્શાવતું પત્રક

| | સામાન્ય | એસઈબીસી | એસી | એસટી | કુલ |
|---|---|---|---|---|---|
| સ્ત્રી | ૭ | ૨ | ૪ | ૦ | ૧૩ |
| પુરુષ | ૧૮ | ૧૫ | ૨ | ૨ | ૩૭ |
| કુલ | ૨૫ | ૧૭ | ૬ | ૨ | ૫૦ |

2. શરણાર્થીઓના કુટુંબના સભ્યો અને શિક્ષણની વિગત દર્શાવતું પત્રક

| | પ્રાથમિક | માધ્યમિક કે ઉચ્ચ | સ્નાતક | અનુસ્નાતક કે વધુ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ થી ૬ સભ્યો | ૧૯ | ૩ | ૧ | ૧ | ૨૪ |
| સાત થી વધુ સભ્યો | ૧૭ | ૫ | ૩ | ૧ | ૨૬ |
| કુલ | ૩૬ | ૮ | ૪ | ૨ | ૫૦ |




3. શરણાર્થીઓના કુટુંબની વાર્ષિક આવક અને રહેઠાણની વિગત દર્શાવતું પત્રક

| | કાચું | પાકું | ફાર્મ હાઉસ | સેડ | કુલ |
|---|---|---|---|---|---|
| પચાસ હજાર સુધી | ૩ | ૯ | ૧ | ૧ | ૧૪ |
| પચાસ હજારથી વધુ લાખથી ઓછી | ૪ | ૧૬ | ૨ | ૨ | ૨૪ |
| એક લાખથી વધુ | ૭ | ૫ | ૦ | ૦ | ૧૨ |
| | ૧૪ | ૩૦ | ૩ | ૩ | ૫૦ |

4. નર્મદા કેનાલ આવ્યા પછી મજુરી ખર્ચમાં વધારો થયો છે તેમ ૬૦% કઈ ફેરફાર થયો નથી ૩૦%, ઘટાડો થયો છે તેમ ૧૦% ઉત્તરદાતાઓ જણાવે છે. તેમજ ઈનપુટ કે સાધન સામગ્રી ખર્ચમાં વધારો થયો છે તેમ ૭૦% સ્વીકારે છે. નર્મદા કેનાલ આવ્યા પછી જરૂરિયાતો સંતોષવા માટે જોઈતા રૂપિયા કે જરૂરી સાધન સામગ્રી સરળતાથી મળી રહે છે તેમ ૭૮.૫%, પાક ધિરાણ /લોન સરળતાથી મળી રહે છે તેમ ૮૨.૨%, શરણાર્થીઓને પશુપાલનમાં કોઈ ફાયદો ફાયદો થયો છે તેમ ૯૨%,સ્વીકારે છે.
5. સ્થાનિક બજારમાં બનાવેલી વસ્તુઓનો ઉપયોગ ૩૨.૪ % કરે છે. સ્થાનિક બજારમાં ઉત્પાદિત વસ્તુઓ ગુણવતા સારી હોય છે તેમ ૫૮% જયારે સારી હોતી નથી તેમ ૨૨ %, સ્થાનિક બજારમાં ઉત્પાદિત વસ્તુઓની કીમત વધુ હોય છે તેવું ૪૯.૩ % ઉત્તરદાતાઓ જણાવે છે. નર્મદા કેનાલ આવ્યા પછી સ્થાનિક બજારમાં ઉત્પાદિત થતી વસ્તુઓના વેપારી પર સારી અસરો પડી છે તેવું ૬૮.૬%, કેટલીક વસ્તુઓ સ્થાનિક શરણાર્થીઓએ બનાવવાની કે સેવા આપવાની બંધ કરી દીધી છે તેવું ૭૨% ઉત્તરદાતાઓ જણાવે છે.
6. નર્મદા કેનાલ આવ્યા પછી કોઈ સારો ફાયદો થયો છે તેવું ૮૮%, ખેડૂતો સિવાય સ્થાનિક સ્તરે અન્ય ધંધા રોજગાર કરતા કે હુન્નર ધરાવતા શરણાર્થીઓ સાથેનો વ્યવહાર કેવો સારો છે તેમ ૮૫%, નર્મદા કેનાલ આવ્યા પછી અન્ય ધંધા રોજગાર કે અન્ય વ્યક્તિઓ પર સારી અસરો થઈ છે તેમ ૭૬% ઉત્તરદાતાઓ જણાવે છે.
7. નર્મદા કેનાલ આવ્યા પછી જીવન શૈલી, જીવન જીવવાની પધ્ધતિ કે રહેણી-કરણીમાં આધુનિકરણ વધ્યુ તેવું ૮૧% તેમજ આવકમાં વધારો

લાખ થી વધુ થયો છે તેવું ૯૮ % સ્વીકારે છે. આવી આવક વધવાથી શરણાર્થીઓ પોતાના ઘરમાં તમે કોઈ ફેરફારો કરેલ છે જેમાં સૌથી વધુ પાકું ઘરબનવેલ છે જયારે અન્ય માં ફાર્મ હાઉસ, રીનોવેશન કર્યું, ટોયલેટ બાથરૂમબનાવ્યા છે તેમજ પોતાન ઘરો માં જરૂરિયાત મુજબનું રાચરચીલું વસાવેલ છે તથા ઇલેક્ટ્રિક સગવડો, વાહનો કે અન્ય નાની મોટી ખરીદી કરેલ છે.

8. નર્મદા કેનાલ આવ્યા પછી પરિવારના અન્ય સભ્યોએ ખેતી સિવાયના અન્ય ધંધા, વેપાર, નોકરીમાં જોડાયા જોડાઈ રહ્યા છે. સાથે સાથે પહેરવેશમાં બદલાવ આવી રહ્યો છે આધુનિકતા થકી પશ્ચિમી કરણ ભારતીયતાને ભારે પડી રહ્યું છે. આવા મોઘા વસ્ત્રો ખરીદી પણ થઈ રહ્યા છે એ દર્શાવે છે કે નર્મદા કેનાલ આવ્યા પછી ખરીદ શક્તિમાં વાર્ષિક બદલાવ આવ્યો છે.
9. નર્મદા કેનાલ આવ્યા પછી બાળકોના અભ્યાસ બાબતે જાગૃતતા આવી અને સારું શિક્ષણ મળે છે તેમ ૭૫%, આરોગ્ય બાબતે ખર્ચમાં વધારો થયો છે તેવું ૬૯%, આરોગ્ય, શિક્ષણ, અને સામાજિક દરજ્જો ટકાવી રાખવા માટે જરૂરી ખર્ચાઓ ઉઠાવામાં સક્ષમ બની રહ્યા છે તેવું ૬૩% એ સ્વીકાર કર્યો છે.
10. નર્મદા કેનાલ આવ્યા પછી પોતાનો કામો સિવાયનો સમય ટીવી-મોબાઈલ મનોરંજન, પરિવાર-મિત્રો સાથે, ધાર્મિક અને સમુહમાં જવું એવીરીતે શરણાર્થીઓ પસાર કરે છે. સામાજિક/ ધાર્મિક / ત્યોવહારોની પ્રસંગોમાં અને તેની ઉજવણીના સ્વરૂપમાં આધુનિકતા અને ખર્ચાળ તેમજ દેખાદેખી આંધળું અનુકરણ વધી રહ્યું છે.
11. નર્મદા કેનાલ આવ્યા પછી ગામડા માંથી રહેવા માટે શરણાર્થીઓ શહેરોમાં વધુ જઈ રહ્યા છે જેના મુખ્ય કારણોમાં મોજ શોખ, આધુનીકરણની દોડ, જરૂરી સુવિધાનો ગામડામાં અભાવ જોવા મળે છે. તેમ છતાં નર્મદા કેનાલ આવ્યા પછી આજીવિકા માટે સ્થળાંતરમાં ઘટાડો થયો છે તેવું શરણાર્થીઓ સ્વીકારે છે. નર્મદા કેનાલના પાણીમાં માછલીઓ તણાઈને આવે છે તેનો યોગ્ય મત્સ વિભાગ દ્વારા તાલીમ થકી નવી દિશા મળી સકે તેમ છે. રોજગારી અને આવકમાં વધારો થઈ સકે છે.

**સંશોધન વિસ્તારમાં અભ્યાસના મુખ્ય તારણો-**

બનાસકાંઠા જીલ્લાના સરહદી વિસ્તારોમાં શરણાર્થીઓ પર નર્મદા કેનાલની અસરો નીચે પ્રમાણે છે

1. શરણાર્થીઓ દવારા ત્રણ સીજન લેવાતી હોવાથી મોટા ભાગનો સમય ખેતી પાછળ જતો હોવાથી ખેડૂતો ખેતરોમાં રહેવાનું વધુ અનુકૂળ આવતા ખેતરોમાં રહેવાનું પસંદ કરી રહ્યા છે જેથી અવન જવન પાછળનો સમય બચી જાય અને પાકને નુકશાન કરતા પશુઓ/જાનવરોથી પણ બચાવી શકાય. અત્યારે પાક ઉત્પાદન થાય છે તેના સરેરાશ પૂરતા ભાવ નથી મળતા તેવું મોટા ભાગનાએ સ્વિકાર કર્યો હતો સરકાર ટેકાના ભાવ જાહેર કરે છે પણ તે સમયસર થતા નથી અને તેનો લાભ વચેટિયા અને કમીશન એજન્ટો લઈ જાય છે. જે એક ગંભીર સમસ્યા છે. સરકારે આ દુષણ દુર કરવા માટે ૭/૧૨ના ખેડૂતના ઉતારા માંગી સીધા ખેડૂતના બેંક ખાતામાં પૈસા આપે છે પરંતુ તે લાભ માત્ર લાગતા વળગતા અને પોતાના ઓળખીતાને જ મળે છે સામાન્ય ખેડૂત તેનો લાભ લઈ સકતો નથી. અથવા આવા ખેડૂત લાભ લેવા જાય ત્યારે પાકની યોગ્ય ગુણવતા નથી તેમ કહી પાક રીજેક્ટ થઈ જાય છે. આ દુષણને દુર કરવું હોય તો ખેડૂતના ખેતરમાં ઉભો પાક કે નીકળતો પાક ખેતી નિયામક દવારા બનાવેલ ગામની પેનલ કે જેમાં સ્થાનિક ગામના ખેડૂતો,સ્કુલના આચાર્ય અને ગ્રામ સેવક પણ હોય તે દવારા પાકની ગુણવતાના આધારે સ્થાનિક સેવા સહકારી મંડળી ખરીદી કરે અને ત્યાજ ચેક દવારા ચુકવણું કરવામાં આવે તો સારું પરિણામ મેળવી શકાય તેમ છે. જેનો ફાયદો શરણાર્થીઓને મળી સકે તેમ છે.
2. નર્મદા કેનાલ આવ્યા પછી ઉત્પાદિત પાકોને ઉત્પાદન સ્થળેથી વેચાણ માટે ગંજ બજારમાં લઈ જવા માટેની પ્રથાઓમાં ફેરફારો થયો છે. જે શરણાર્થીઓ ઊંટ ગાડીને પોતાની આજીકાનું સાધન હતું તે નહીવત જોવા મળે છે. જુનવાણી કહેવાતી પદ્ધતિઓ તૂટી રહી છે અને ભુલાઈ રહી છે ગાડા-બળદોની ખેતી નાબુદ થઈ રહી છે જેની જગ્યાએ આધુનિકરણ ટ્રેક્ટર થ્રેસર જેવા સાધનો લઈ રહ્યા છે સમયનો બચાવ અને ઝડપી ખેતી થઈ રહેલ છે. જેથી ખેતીના ખર્ચમાં વધારો થઈ રહ્યો છે. ગામમાં કોઈ મોટા ખેડૂત જોડે બળદ ગાડું હતા તે બીજાને પણ ઉપયોગી થતા જરૂરિયાતના સમયે એકબીજાને કોઈ ચાર્જ લીધા વગર આપતા તેથી નાના ખેડૂત આવા ખર્ચ અટકાવી ખેતીના નફામાં વધારો રહેતો તે નાશપ્રાય બન્યા છે. જયારે એક ખેડૂતને પોતાની ખેતી લાયક કામ ના હોય ત્યારે બીજા ખેડૂતને મદદ કરતો અને તેટલો સમય અરસ પરસ એક બીજાને ઉપયોગી થતા તેની જગ્યાએ હાલ દિવસની મજુરી પ્રમાણે રોકડું ચુકવણું સ્થાન લઈ લીધું છે.
3. આ વિસ્તારમાં ખેતી લાયક જમીનો હતી જ પરંતુ પાણીનો અભાવ હતો જે કેનાલ થકી પાણી મળવાથી વધુ જમીનો પિયત થતા પાકના ઉત્પાદનમાં બહુજ વધારો થયેલ છે વિવિધ પાકો લેવાઈ રહ્યા છે અને આધુનિક પદ્ધાતીથી બાગાયતી ખેતીમાં વધારો થયેલ છે. જેની સાથે સાથે પશુપાલનમાં ખુબજ વધારો થઈ રહ્યો છે જેથી હરિયાળી અને શ્વેત ક્રાંતિ સમાંતર ચાલી રહી છે. ખેતીની સાથે દૂધ ઉદ્યોગ થકી શરણાર્થીઓ સારું કમાઈ રહ્યા છે આવકમાં વધારો થઈ રહ્યો
4. ઉત્તરદાતાઓ જણાવે છે કે, સ્થાનિક બજારમાં બનાવેલી કોઈ વસ્તુઓનો ઉપયોગ ૩૧.૩% કરે છે.સ્થાનિક બજારમાં ઉત્પાદિત વસ્તુઓની ગુણવતા સારી હોય છે તેવું ૭૫.૪% માને છે અને તેની કીમત પ્રમાણમાં વધુ હોતી નથી તેમ ૭૩.૮% જણાવે છે પરંતુ તેનો ઉપયોગ વધુ શરણાર્થીઓ કરતા નથી જે વિરોધાભાસ જોવા મળે છે. નર્મદા કેનાલ આવ્યા પછી સ્થાનિક બજારમાં ઉત્પાદિત થતી વસ્તુઓના વેપારી પર સારી અસરો થઈ છે તેવું ૭૦.૮% જણાવે છે. પરંતુ કેટલીક વસ્તુઓ સ્થાનિક શરણાર્થીઓએ બનાવવાની કે સેવા આપવાની બંધ કરી દીધી છે તેમ જૂથ ચર્ચામાં જણાઈ આવે છે.
5. ઉત્પાદિત પાકની સાચવણી જે માટી અને લાદથી બનાવેલ કોઠીઓમાં સેલી/રખિયા, લીમડા અને તુલસીના પાન ઉત્પાદિત પાક સાથે મિક્ષ કરી સાચવણી કરવામાં આવતી હતી તેમજ છાણીયું ખાતર અને દેશી

પધ્ધતિઓ અપનાવવા આવતી હતી. જેની જગ્યાએ સીધો માલ ખેતબજારોમાંમોઘી જંતુનાશક દવા લગાવી ભરવામાં આવી રહેલ છે. જેથી આજની કહેવાતી બીમારીઓમાં વધારો નોધાઇ રહ્યો છે અને જૂની સાચી પધ્ધતિઓ ભુલાઈ રહી છે. વળી આવી બીમારીઓ વધવાથી દવાખાનાનો ખર્ચમાંવધારો થઈ રહ્યો છે સામે ડોકટરો પણ લુંટ ચલાવી રહ્યા છે કારણકે શરણાર્થીઓ મોટા ભાગના વધુ શિક્ષિત નથી અને ખેતી, પશુપાલન કે મજુરી કરતો વર્ગ છે જે સરકારી દવાઓ લેવાનું ઓછુ પસંદ કરે છે અને સરકારી દવાખાનામાં પુરતી સગવડો/સ્ટાફનો અભાવ પણ એક મોટું કારણ છે.

6. ખેડૂત આર્થિક રીતે સદ્ધર થઈ રહ્યો છે જેની સાથે અંધશ્રદ્ધાઓ ખતમ થઈ રહી છે જે એક મોટું જમા પાસુ કહી શકાય. નર્મદા કેનાલ આવ્યા પછી એકંદરે શરણાર્થીઓના જીવનધોરણમાં સુધારો થયો છે શરણાર્થીઓ પોતાની સુખ સુવિધાના સાધનો વસાવી રહ્યા છે ટીવી, મોબાઈલ, વાહન, એસી વધુ વસાવી રહ્યા છે અને મોજ શોખ પાછળ પણ મોટા ખર્ચાઓ કરી રહ્યા છે તો કેટલાક વર્ગ વ્યસન તરફ ધકેલાઈ રહ્યો છે સ્થાનિકે દારૂ દુષણ છે વળી નશાની ગોળીઓ બેફામ વેચાઈ રહી છે. જે શરણાર્થીઓના હેલ્થ અને સામાજિક-આર્થિક રીતે પાયમાલ કરી રહી છે.

7. વ્યક્તિમાં સહનશીલતા અને ભાઈચારાની ભાવના ઓછી થઇ રહી છે જે સમાધાન ગામશરણાર્થીઓ સાથે મળીને લાવતા તેની જગ્યાએ કોર્ટ અને પોલીસ લગતા ગુનાઓમાં વધારો થઇ રહેલ છે. અને પૈસાની દોડ ધામમાં તિવ્ર હરીફાઈ યુક્ત સમાજ વ્યવસ્થા બની રહી છે. વળી રાજકીય સમીકરણો આવા વાતાવરણને પોષી રહ્યા છે જેથી જૂની ભારતીય સમાજ વ્યવસ્થા તૂટી રહી છે.

8. નર્મદા કેનાલ થકી આર્થિક રીતે આ વિસ્તાર ખુબજ સમૃદ્ધ થઇ રહ્યો છે શરણાર્થીઓનું જીવન ધોરણ સુધરી રહ્યું છે તેમાં કોઈ બીજો મત નથી. તેમજ ૮૭.૫ ટકા શરણાર્થીઓએ સ્વીકારેલ છે કે નર્મદા કેનાલ આવ્યાથી જીવન ધોરણમાં સુધારો થયો છે.દરેક બાબતના સારા અને નરસા પાસા હોય તે સ્વાભાવિક બાબત છે. પણ અહીનો ખેડૂત/શરણાર્થીઓ જો પોતાની ખુમારી સાથે જીવે તો જ તે સાચી પ્રગતિ થઇ ગણાય. સમયને માન આપવુ જ પડે. બદલાવ એ જ તો પ્રકૃતિનો નિયમ છે આ બંજર વિસ્તાર હરિયાળો થઇ રહ્યો છે તેથી વિશેષ શું હોઈ શકે.

9. સરકારી નોકરિયાતોનો સમાજમાં માન મોભો વધી રહ્યો છે અને શરણાર્થીઓ આ દિશામાં સખત મહેનત કરી રહ્યા છે. સરકારી નોકરિયાતને વધુ દહેજ આપી ખરીદી થતી હોય તેવી રીતે સગાઇ-લગ્ન થતા હોય તેવું જણાઈ આવે છે. છેલ્લા દાયકાની ગુજરાતની સરકારી ભરતીમાં આ જિલ્લો અવલ રહ્યો છે અને સરકારી નોકરીઓ મેળવનાર આ જિલ્લા ગુજરાતમાં ટોપ ઉપર છે. નર્મદા કેનાલ આવ્યા પછી પરિવારના અન્ય સભ્યોએ ખેતી સિવાયના અન્ય ધંધા, વેપાર, નોકરીમાં જોડાયા છે

10. ૧૯૭૧-૭૨ શરણાર્થીઓનુ ગ્રામ્ય વ્યવસ્થાપન અને આજનું ગ્રામ્ય વ્યવસ્થાપનના તફાવત/અંતર વિશાલ જોવા મળે છે જેનો મહત્તમ શ્રેય નર્મદા કેનાલને જાય છે. તેમ છતાં આજે શરણાર્થીઓ માટે જમીનની તેમની જૂની માંગણીઓ સંતોષવાની જરૂરિયાત જણાય છે. તેમના પરમ્પરાગત હુન્નર થકી આ વિસ્તારમાં ચામડાના જૂતા મોટા પ્રમાણમાં બની રહ્યા છે અને લોકો પસંદ પણ કરી રહ્યા છે તેને વધુ વેગ આપવામાં આવે તે સમયની માંગ પણ છે. મોચી ઉદ્યોગો વિકસ્યો તેમાં પ્રોત્સાની જરૂરી છે. સરકારશ્રીના ૧૦ એકરના જમીન શરણાર્થીઓને આપવી તેવું નક્કી કરેલ ત્યારે મોટા ભાગના શરણાર્થીઓને આવી જમીન મળેલ પરંતુ કેમ્પ બહાર જે રહેલ તેમને આવા લાભો મળેલ નથી તે દિશામાં કોઈ નક્કર કાર્યવાહી થયેલ જણાતી નથી તે થાય તેવી માંગ છે. વળી આવી જમીનો મળી છે તો તેમાં કોર્ટ કેસ થકી આવો વર્ગ પીડાઈ રહ્યો જણાઈ આવે છે.

11. શરણાર્થીઓ થરાદના શિવનગરમાં કડીયા કામ સાથે વધુ સંકળાયેલ છે તેમને યોગ્ય તાલીમ આપવામાં આવે તો તેમનું જીવનધોરણમાં સુધારો થઇ સકે છે. તેજ રીતે વાળંદ, દરજી ના કામોમાં યોગ્ય પ્રોત્સાહન થાકી પ્રોત્સાની જરૂરીછે. આટલા મોટા પ્રમાણમાં શરણાર્થીઓ હિજરત કરીને આવ્યા છતાં તેમના માટે કોઇ સરકારી યોજનાઓ નથી કે જેથી આવા લોકોનું જીવન ધોરણ સુધારી સકાય તેમના બાળકોને યોગ્ય શિક્ષણ આપી શક્ય તેનું મુખ્ય કારણ જૂથ ચર્ચાઓમાં સામે આવ્યું કે આ સમુદાય આવી માંગો સરકાર પાસે કરેલ પરંતુ તે માટે કોઈ આંદોલન જેવા પગલા કે દેખાવો કરેલ નથી માત્ર ક્યાંક થોડી માંગો શાંતિથી કરેલ છે તેનો અવાજ દબાઈ ગયો છે તેવું જણાય છે.

12. આ સમુદાય આધુનિક ખેતી અને વિજ્ઞાનિક ઢબે પશુપાલન કરતા થાય તે માટે પશુપાલન કેમ્પ અને જમીન પૃથ્થકરણ કરી, કેવા પાક વાવવા જોઈએ તથા સમયાંતરે પાક નિરક્ષણ કરી તેનું સમજણ આપવામાં આવે યોગ્ય તાલીમ આપવામાં આવે તો સારા પરિણામો મળી સકે તેમ છે. પીવાના તથા ખેતીના પાણીની ચકાસણી કરી તેના લાભો-ગેરલાભો સમજ આપવાની પણ જરૂરિયાત જણાય છે.

**<u>ઉપસંહાર</u>**

૧૯૭૧માં આવેલ શરણાર્થી નર્મદા કેનાલ થકી એક નવી ઉંચાઈ તરફ જી રહ્યો છે માત્ર થોડી દિશા આપવા માટે યોગ્ય તાલીમ અપાય તે જરૂરી છે જેવી કે ખેતીમાં ટપક પધ્ધતિ, પશુપાલનમાં સારી ઓલાદોનો ઉછેર અને યોગ્ય સમયે પશુ સારવાર, સ્થાનિકે મોચી કામને યોગ્ય ટેકનીક થકી મોટું કલ્યાણકારી પગલું ભરી સકાય તેમ છે.

સંદર્ભ ગ્રંથો/સાહિત્ય


- ૧૯૭૧ના ભારત પાકિસ્તાન યુદ્ધ અને પરિણામો
- શ્રી ભમરસિંહ સોઢા દ્વારા પોતાના એમફિલમાં કરેલ સંશોધન લેખ ૧૯૭૧ના શરણાર્થીઓ
- સ્વ. શ્રી બનેસિંહજી સોઢા દ્વારા ગુજરાતી અનુવાદિત પુસ્તક “થળનો ઈતિહાસ(તારીખ-એ-રેગીસ્તાન)”
- સ્વ. શ્રી પુંજરાજસિંહજી સોઢા, ભોદેસર જાગીરની ડાયરી અને છુટક લખાણો
- બનાસકાંઠા જીલ્લા પંચાયતનો અહેવાલ અને તેની વેબસાઈટ

- નર્મદા કેનાલ સંબધિત અહેવાલો અને વેબસાઈ
- તાલુકા પંચાયતના અહેવાલો અને વેબસાઈટ
- સ્થાનિક તાલુકા ખરીદ વેચાણ સંઘ ના અહેવાલો
- બનાસડેરીના અહેવાલો અને તેની વેબસાઈટ
- સ્થાનિક ગામોની ગ્રામ પંચાયતો, સેવા સહકારી અને દૂધ ઉત્પાદન મંડળીઓના રેકોર્ડ
- શ્રી હિમ્મતસિંહજી રાઠોડ –જસરા, શ્રી મનદીપસિંહજી ચૌહાણ -માડકા, શ્રી મહેન્દ્રસિંહ ચૌહાણ –સુઈગામની રૂબરૂ/ટેલીફોનીક મુલાકાતો અને દસ્તાવેજો